Gujarat Common Admission Services (GCAS)
Education Department, Government of Gujarat

# સ્નાતક અને અનુસ્નાતક પ્રવેશ પ્રક્રિયા શિડ્યુલ ૨૦૨૬-૨૭

## ખાલી બેઠક આધારિત કાઉન્સેલિંગ (VSBC) અંતિમ રાઉન્ડ

(CBSE બોર્ડના પૂરક પરીક્ષાના પરિણામો તથા વિવિધ યુનિવર્સિટીઓના સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પૂરક પરીક્ષાના પરિણામોને ધ્યાને રાખીને વિદ્યાર્થી હિતમાં ખાસ જાહેર કરવામાં આવેલ રાઉન્ડ)

સ્નાતક તેમજ M.A., M.Com., M.Sc., M.Ed., M.P.Ed., LL.M., M.L.I.Sc. વગેરે તેમજ B.Ed., B.P.Ed., LL.B., PG Diploma, PGD (Clinical) વગેરે જેવા સ્નાતક પછીના અન્ય પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં

For affiliated and constituent colleges / Department of all Universities associated with GCAS

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન | તા.૧૭.૦૮.૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તા.૨૩.૦૮.૨૦૨૬ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી | ૦૭ | 1. ક્વિક રજિસ્ટ્રેશન કરવું.<br>2. રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયના પ્રેફરન્સ (અગ્રતાક્રમ) પસંદ કરવા, ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવા.<br>3. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| ૨ | અરજી એડીટ અને પ્રેફરન્સ ચેન્જ | તા.૧૭.૦૮.૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તા.૨૩.૦૮.૨૦૨૬ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી | ૦૭ | જે વિદ્યાર્થીઓએ અગાઉના રજિસ્ટ્રેશન રાઉન્ડ્સમાં તેમની અરજી સબમિટ કરી છે પરંતુ અરજી એડિટ કરવી હોય કે તેમણે આપેલ પ્રેફરન્સ ચેન્જ કરવા હોય તો નીચે મુજબ કાર્યવાહી કરવાની થશે.<br>(A) અગાઉના પ્રવેશ રાઉન્ડ્સમાં કોઈ યુનિવર્સિટી-કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય તો સૌ પ્રથમ પ્રવેશ કેન્સલ કરીને ત્યારબાદ અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>(B) અગાઉના પ્રવેશ રાઉન્ડ્સમાં કોઈ યુનિવર્સિટી-કોલેજમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવેલ હોય તો પોર્ટલ પર લોગ-ઈન કરીને વિદ્યાર્થી તેની અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>**ખાસ નોંધ:** વિદ્યાર્થીએ તેનું ફોર્મ અનલોક કરીને જેટલા પણ એડિટ/પ્રેફરન્સ ચેન્જ કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં. |
| ૩ | પ્રવેશ ઓફર & કન્ફર્મેશન | તા.૧૭.૦૮.૨૦૨૬ ના બપોરે ૧૨.૦૦ કલાક થી તા.૨૫.૦૮.૨૦૨૬ (યુનિવર્સિટી–કોલેજના કામકાજના સમય દરમિયાન) | ૦૮* | *યુનિવર્સિટી–કોલેજો જે વિદ્યાર્થીઓએ ક્યાંય પ્રવેશ કન્ફર્મ નહિ કરાવેલ હોય તથા નવી અરજી સબમિટ કરી હોય કે પ્રવેશ કેન્સલ કરાવીને અરજી એડિટ કરી હોય તેવા તમામ વિદ્યાર્થીઓનું સતત મેરીટ તૈયાર કરી ચકાસી વિદ્યાર્થીઓને તેમના પ્રેફરન્સ તથા સંલગ્ન યુનિવર્સિટી–કોલેજો પ્રવેશના નિયમો (એલિજિબિલિટી, મેરીટ, ટાઈ–બ્રેકર વગેરે) મુજબ પ્રવેશ ઓફર કરશે. ઓફર વિદ્યાર્થીના લોગ–ઇન ડેશબોર્ડ પર જોવા મળશે. વિદ્યાર્થીએ રોજ પોર્ટલ પર લોગ–ઇન કરીને તેને મળેલ ઓફર ચેક કરવી તથા તે મુજબ કોલેજનો સંપર્ક કરીને નીચે દર્શાવ્યા મુજબ કરવાનું રહેશે. અન્યથા વિદ્યાર્થી ખરેખર જે યુનિવર્સિટી–કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તે યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરીને તેમના માર્ગદર્શન મુજબ પ્રવેશની કાર્યવાહી કરવી.*<br>1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ–ઈન કરી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર કન્ફર્મ કરવી.<br>3. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત **યુનિવર્સિટી–કોલેજ ખાતે તેમના કામકાજના સમય દરમિયાન** તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું.<br>4. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |

* તા.૨૩.૦૮.૨૦૨૬ – રવિવાર

*નોંધ: રજિસ્ટ્રેશન અને અરજી એડિટ **તા. ૧૭.૦૮.૨૦૨૬ થી તા. ૨૩.૦૮.૨૦૨૬** દરમિયાન સાથે ચાલશે, જ્યારે યુનિવર્સિટી–કોલેજો ખાલી બેઠકો ભરવા પ્રવેશ ઓફર પોસ્ટ કરતા રહેશે અને પ્રવેશ કન્ફર્મેશન **તા.૨૫.૦૮.૨૦૨૬** સુધી ચાલુ રહેશે. વિદ્યાર્થીએ રોજ GCAS પોર્ટલ પર લોગ–ઇન કરી પોતાની ઓફર ચેક કરવી.*

## ખાલી બેઠક આધારિત કાઉન્સેલિંગ (VSBC) રાઉન્ડ માટે મહત્વની માર્ગદર્શિકા

### A. રાઉન્ડ વિશેની ખાસ સૂચનાઓ

1. મેરીટ યાદી તૈયાર કરવાની તથા મેરીટ જાળવવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત યુનિવર્સિટી–કોલેજની રહેશે.

2. આ રાઉન્ડ દરમિયાન GCAS પોર્ટલ પર કોઈ કટ–ઓફ દર્શાવવામાં આવશે નહીં. કટ–ઓફ માર્ક્સ જાળવવાની જવાબદારી સંબંધિત યુનિવર્સિટી–કોલેજની રહેશે.
3. આ રાઉન્ડમાં ખાલી બેઠકો ભરવા માટે પ્રવેશ ઓફર સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા સીધી પોસ્ટ કરવામાં આવે છે અને તે વિદ્યાર્થીના લોગ–ઇન ડેશબોર્ડ પર જોવા મળે છે. આથી વિદ્યાર્થીએ રોજ લોગ–ઇન કરવું; જો ઈચ્છિત યુનિવર્સિટી–કોલેજની ઓફર ન મળે તો વિદ્યાર્થીએ તે યુનિવર્સિટી–કોલેજનો જાતે સંપર્ક કરી તેમના માર્ગદર્શન મુજબ કાર્યવાહી કરવી.
4. દરેક પ્રવેશ ઓફર સાથે યુનિવર્સિટી–કોલેજ દ્વારા નિર્ધારિત "Valid Till" (માન્યતા) તારીખ હોય છે. વિદ્યાર્થીએ આ તારીખ સુધીમાં જ ઓફર સ્વીકારી કન્ફર્મ કરવી (કોલેજ ખાતે રિપોર્ટિંગ, દસ્તાવેજ ચકાસણી, ફી ભરી OTP દ્વારા કન્ફર્મ) અનિવાર્ય છે, અન્યથા ઓફર રદ થઈ જશે.
5. પ્રવેશ યુનિવર્સિટી–કોલેજ ખાતે કન્ફર્મ થાય છે: યુનિવર્સિટી–કોલેજ અસલ દસ્તાવેજોની ચકાસણી કરી, ચકાસાયેલ દસ્તાવેજ મુજબ કેટેગરી/ઇન્ટેક ફાળવી, વિદ્યાર્થીના પોતાના રજિસ્ટર્ડ મોબાઈલ પર મોકલેલ OTP દ્વારા પ્રવેશ કન્ફર્મ કરે છે. વિદ્યાર્થીએ અસલ દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહી આ OTP કોલેજને આપવો.
6. કોઈપણ ફરિયાદના કિસ્સામાં વિદ્યાર્થીએ સંલગ્ન યુનિવર્સિટીને ફરિયાદ કરવાની રહેશે. તમામ યુનિવર્સિટીઓના હેલ્પલાઈન નંબર GCAS પોર્ટલ પર ઉપલબ્ધ છે.
7. ખાલી બેઠકો GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે, જે દર ૬ કલાકે પોર્ટલ પર અપડેટ થશે.

## B. સામાન્ય સૂચનાઓ

1. GCAS પોર્ટલ પર દર્શાવેલ માહિતી અને અપલોડ કરેલ ડોક્યુમેન્ટ્સની સત્યતાની જવાબદારી માહિતી ભરનાર વિદ્યાર્થીની પોતાની છે. ખોટી માહિતી ભરવાથી અને ખોટા દસ્તાવેજો રજૂ કરવાથી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહી જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. આથી વિદ્યાર્થીએ પોર્ટલ પર તમામ વિગતો ચીવટપૂર્વક ભરવી.
2. GCAS પોર્ટલ પર એકવાર બેઝિક માહિતી, શૈક્ષણિક માહિતી, પ્રોગ્રામ–કોલેજ–યુનિવર્સિટી વગેરેની વિગતો ભરી ફોર્મ સબમિટ થઈ ગયા બાદ કોઈ ફેરફાર રાઉન્ડની અંતિમ તારીખ પહેલા કરવો, અને આવા દરેક ફેરફાર બાદ ફોર્મ ફરીથી સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં.
3. જે વિદ્યાર્થીઓની માર્કશીટમાં માત્ર ગ્રેડ દર્શાવેલા હોય તેવા વિદ્યાર્થીઓએ સંલગ્ન બોર્ડ/યુનિવર્સિટીની માર્કશીટની સાથે માર્ક્સ/ટકાવારી દર્શાવતું સર્ટિફિકેટ (Conversion Certificate) "Applicant's Attachment Details" પેજ પર માર્કશીટ સાથે જ સ્કેન કરીને એક જ ડોક્યુમેન્ટ તરીકે અપલોડ કરવું અનિવાર્ય છે.
4. વિદ્યાર્થીને "Applicant's Preference Details" પેજ પર પ્રોગ્રામ–કોલેજ–યુનિવર્સિટી શોધવામાં કોઈ મુશ્કેલી જણાય તો તેઓ GCAS પોર્ટલના હોમપેજ https://gcas.gujgov.edu.in/ પર આપેલ Know Your College (KYC) ટેબનો ઉપયોગ કરીને તેમની પસંદગીના પ્રોગ્રામ–કોલેજ–યુનિવર્સિટી શોધી શકે છે.
5. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવામાં જો કોઈ મુશ્કેલી જણાય તો પોર્ટલ પર દર્શાવેલ ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈ મદદ મેળવી શકશે.
6. GCAS પોર્ટલ મારફત એક જ અરજી દ્વારા વિદ્યાર્થી એક કરતાં વધુ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ પસંદ કરી શકશે, પરંતુ એક અરજી મારફત વિદ્યાર્થી કોઈપણ એક જ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવી શકશે.
7. વિદ્યાર્થી ખરેખર જે યુનિવર્સિટી–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માગતા હોય તેટલા જ યુનિવર્સિટી–પ્રોગ્રામની પસંદગી કરવી, સ્નાતક કક્ષામાં મેળવેલ ટકાવારી ધ્યાને લેવી, અને સંબંધિત યુનિવર્સિટી–કોલેજો દ્વારા પોર્ટલ તથા વેબસાઈટ પર જાહેર કરેલ લાયકાતના નિયમો ધ્યાનમાં લઈને જ પસંદગી કરવી.
8. જે પ્રોગ્રામ્સમાં ACPC, ACPDC, ACMPC કે અન્ય કોઈ કાઉન્સિલ દ્વારા પ્રવેશ નિર્ધારિત કરવામાં આવતા હોય તેવા પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવવા માટે GCAS પોર્ટલ મારફત અરજી કરવાની રહેતી નથી.

9. કન્ફર્મ કરાવેલ પ્રવેશ કેન્સલ કરાવવા માટે વિદ્યાર્થી પોર્ટલ પર OTP દ્વારા કન્ફર્મ કરી પ્રવેશ કેન્સલ કરી શકશે. આવા વિદ્યાર્થીઓએ ફી રિફંડની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી–કોલેજના નિયમાનુસાર કરવાની રહેશે; આ અન્વયે GCAS પોર્ટલની કોઈ ભૂમિકા રહેતી નથી.
10. GCAS પોર્ટલ પર ભરેલ રજિસ્ટ્રેશન ફી [બિનઅનામતના કિસ્સામાં રૂ.૩૦૦/– અને SC, ST, SEBC, EWS તથા PwBD (40% કે તેથી વધુ દિવ્યાંગતા)ના કિસ્સામાં રૂ.૧૫૦/–] રિફંડેબલ નથી. આથી રજિસ્ટ્રેશન વખતે કેટેગરી/કોર્સ/પ્રોગ્રામ/ફોર્મ પ્રકાર ખૂબ કાળજીપૂર્વક પસંદ કરવો, અને રજિસ્ટ્રેશન વખતે દર્શાવેલ Program Type | કોર્સ/પ્રોગ્રામનો પ્રકાર પ્રવેશ પ્રક્રિયા દરમિયાન બદલી શકાશે નહીં.
11. રેગ્યુલર મોડમાં અભ્યાસ કે સ્નાતક–અનુસ્નાતક ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામ્સમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓએ **"Under Graduate (Regular)"** પસંદ કરવું; ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ડિસ્ટન્સ એજ્યુકેશન પ્રોગ્રામ્સ ઈચ્છતા વિદ્યાર્થીઓએ **"Under Graduate (for BAOU)"** પસંદ કરવું.
12. જે વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં રેગ્યુલર મોડમાં અભ્યાસ કરવા ઈચ્છે છે તેમણે **Post Graduate (Regular including PG Diploma)** પસંદ કરવું. જે વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઓફર કરવામાં ડીસ્ટન્સ એજ્યુકેશન પ્રોગ્રામ્સમાં અભ્યાસ કરવા ઈચ્છે છે તેમણે **Post Graduate (For BAOU - Distance Learning) (Excluding B.Ed. - ODL)** પસંદ કરવું.
13. ફોર્મ/પ્રોગ્રામ ટાઈપની વધુ વિગતો માટે નીચે આપેલ મહત્વની સૂચનાઓ ધ્યાનથી વાંચો.
14. વિદ્યાર્થીએ પ્રવેશને લગતી માહિતી સમયસર મળી શકે તે માટે રજિસ્ટ્રેશન સમયે પોતાનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ આપવા; SMS/WhatsApp/ઈ–મેલ દ્વારા માહિતી પૂરી પાડવામાં આવશે, છતાં પોર્ટલ નિયમિત ચેક કરતા રહેવું જેથી કોઈ માહિતી ચૂકી ન જવાય. પ્રવેશને લગતી અન્ય બાબતો વખતોવખત જાહેર કરવામાં આવશે, આથી વિદ્યાર્થીએ GCAS પોર્ટલની નિયમિત મુલાકાત લેવી.
15. વિવિધ યુનિવર્સિટીઓના AICTE સંલગ્ન પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓને ખાસ ધ્યાન રાખવું કે સદર પ્રોગ્રામ્સમાં પ્રવેશ AICTEના નિયમાનુસાર થશે આથી આવા પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે સંબંધિત પ્રોગ્રામ્સના પ્રેફરન્સ આપતાં પહેલાં સંબંધિત કોલેજ–યુનિવર્સિટીનું માર્ગદર્શન મેળવીને જ કાર્યવાહી કરવી.

## વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)

Q૧. મને પ્રવેશ ઓફર મળી પરંતુ યુનિવર્સિટી–કોલેજમાં રિપોર્ટિંગ કરવાનું ચૂકી ગયો. શું કરવું?

જવાબ: ઓફર માત્ર તેની "Valid Till" તારીખ સુધી જ માન્ય હોય છે; તે તારીખ પસાર થતાં ઓફર રદ થઈ જાય છે. વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૨. ઓફર લેટરમાં આપેલ રિપોર્ટિંગ તારીખ ચૂકી ગયો. હવે શું?

જવાબ: ઓફર લેટરમાં દર્શાવેલ રિપોર્ટિંગ તારીખ પસાર થઈ ગઈ હોય તો ઓફર સક્રિય રહેતી નથી. ખાલી બેઠકો પોર્ટલ પર દર ૬ કલાકે અપડેટ થતી હોવાથી વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૩. સિસ્ટમ દ્વારા નિષ્ક્રિય કરાયેલી નીચલી પસંદગીની કોલેજમાં પ્રવેશ જોઈએ છે. શું કરવું?

જવાબ: VSBC રાઉન્ડમાં ઓફર અને મેરીટ સીધા યુનિવર્સિટી–કોલેજ દ્વારા સંભાળવામાં આવે છે. VSBC રાઉન્ડ દરમિયાન અગાઉના રાઉન્ડમાં નિષ્ક્રિય કરેલ પસંદગીનો સિસ્ટમ દ્વારા પુન: એક્ટીવ કરવામાં આવશે. પરંતુ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી–કોલેજમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીએ તે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૪. એક માધ્યમમાં ઓફર મળી પરંતુ બીજા માધ્યમમાં પ્રવેશ જોઈએ છે. શું કરવું?

જવાબ: માધ્યમ/ઇન્ટેક બેઠકની ઉપલબ્ધતા મુજબ યુનિવર્સિટી–કોલેજ દ્વારા નક્કી થાય છે. વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૫. ઓફર ઓનલાઈન કન્ફર્મ કરી, કોલેજમાં રિપોર્ટીંગ કરી, ફી ભરી પરંતુ OTP આપવાનું ભૂલી ગયો. શું કરવું?

જવાબ: પ્રવેશ ત્યારે જ આખરી થાય છે જ્યારે (વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ પર મળેલ) OTP યુનિવર્સિટી–કોલેજને આપવામાં આવે. વિદ્યાર્થીએ OTP સાથે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ પ્રવેશ પૂર્ણ કરવો.

Q૬. કેન્સલેશન પછી ખાલી પડેલી બેઠકમાં પ્રવેશ જોઈએ છે. શું કરવું?

જવાબ: ખાલી બેઠકો (કેન્સલેશનથી ખાલી થયેલ સહિત) પોર્ટલ પર દર્શાવાય છે અને દર ૬ કલાકે અપડેટ થાય છે. વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૭. ખાલી બેઠકમાં પ્રવેશ જોઈએ છે. શું કરવું?

જવાબ: ખાલી બેઠકો પોર્ટલ પર દર્શાવાય છે (દર ૬ કલાકે અપડેટ) અને કોલેજો તે ભરવા માટે સીધી ઓફર પોસ્ટ કરે છે. વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૮. મારું ફોર્મ સબમિટ કરવાનું ભૂલી ગયો. શું કરવું?

જવાબ: રજિસ્ટ્રેશન અને ફોર્મ સબમિશન **તા.૨૩.૦૮.૨૦૨૬ સુધી** ચાલુ છે. વિદ્યાર્થીએ અંતિમ તારીખ પહેલા લોગ–ઈન કરી ફોર્મ પૂર્ણ કરી સબમિટ કરવું; કોઈ ટેકનિકલ મુશ્કેલી માટે GCAS ટેકનિકલ હેલ્પલાઈનનો સંપર્ક કરવો. પ્રવેશ માટે વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૯. મારે પ્રોફાઈલ, શૈક્ષણિક વિગતો, કેટેગરી કે પ્રેફરન્સ બદલવા છે. શું કરવું?

જવાબ: પ્રોફાઈલ, શૈક્ષણિક વિગતો અને પ્રેફરન્સ **તા.૨૩.૦૮.૨૦૨૬ સુધી** ફોર્મ અનલોક કરી ફરીથી સબમિટ કરીને એડીટ કરી શકાય. પ્રવેશ માટે વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવી.

Q૧૦. મેં પૂરક / બેસ્ટ ઓફ ટૂ પરીક્ષા પાસ કરી છે અને રજિસ્ટ્રેશન કરી પ્રવેશ લેવો છે. શું કરવું?

જવાબ: આવા વિદ્યાર્થીઓ **તા.૧૭.૦૮.૨૦૨૬ થી તા.૨૩.૦૮.૨૦૨૬** દરમિયાન રજિસ્ટ્રેશન કરી ફોર્મ સબમિટ કરી શકે છે. સબમિટ કર્યા બાદ તેમણે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ પ્રવેશની કાર્યવાહી કરવી.

Q૧૧. મારે મેનેજમેન્ટ/સ્પોર્ટ્સ ક્વોટામાં પ્રવેશ મેળવવાનો છે પરંતુ સંબંધિત યુનિવર્સિટી–કોલેજની પસંદગી આપેલ નથી. શું કરવું?

જવાબ: આવા વિદ્યાર્થીઓ **તા.૧૭.૦૮.૨૦૨૬ થી તા.૨૩.૦૮.૨૦૨૬** દરમિયાન રજિસ્ટ્રેશન કરી ફોર્મ એડિટ કરીને ફરીથી સબમિટ કરી શકે છે. સંબંધિત ક્વોટામાં પ્રવેશ માટે ફોર્મ સબમિટ/એડિટ કરતાં પહેલાં તેમણે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ પ્રવેશની કાર્યવાહી કરવી.

**GCAS પોર્ટલ પર નવી 'AI એજન્ટ' સુવિધા:** વિદ્યાર્થીઓ GCAS સાથે સંકળાયેલ કોઈપણ યુનિવર્સિટી/કોલેજની માહિતી, કટ–ઓફ અને અન્ય જરૂરી વિગતો પોર્ટલના ચેટબોટ મારફતે અથવા +૯૧–૭૯૬૯૭૯૯૬૮૦ પર કોલ કરીને તરત જ મેળવી શકે છે.

## ⚠ મહત્વની સૂચના:

કૃપા કરીને તમારો Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરો. જેમાં તમે પ્રવેશ મેળવવા માંગો છો તે જ વિકલ્પ પસંદ કરો. **એકવાર 'કોર્સ/પ્રોગ્રામ ટાઈપ' પસંદ કર્યા પછી, તેને પાછળથી બદલી શકાશે નહીં.** ખાસ ધ્યાન રાખો કે સંબંધિત Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર માટે ચૂકવેલ રજિસ્ટ્રેશન ફી પરત મળવાપાત્ર નથી (Non-refundable). તમે જેમાં અરજી કરવા માંગતા હોવ તે Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર તમને જોવા ન મળે, તો કૃપા કરીને કામકાજના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ દરમિયાન +91-7922880080 (GCAS ટેકનિકલ હેલ્પલાઈન) પર અમને કૉલ કરો.

1. **ધોરણ ૧૨ પછી (અંડર ગ્રેજ્યુએટ – UG)**

a. **Under Graduate (Regular):** યુનિવર્સિટી/કોલેજ પર ચાલતા (રેગ્યુલર મોડ) તમામ ૩–વર્ષ/૪–વર્ષના સ્નાતક (બેચલર) કોર્સ અને ૫–વર્ષના ઇન્ટિગ્રેટેડ કોર્સ માટે. (નોંધ: આમાં ઇન્ટિગ્રેટેડ B.Ed. અને ઇન્ટિગ્રેટેડ LL.B. નો સમાવેશ થાય છે).

b. **Under Graduate (For BAOU - Distance Learning):** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા ઓફર થતા ઓનલાઈન અથવા ડિસ્ટન્સ લર્નિંગ સ્નાતક કોર્સ માટે. (B.Ed.-ODL સિવાય).

**2. સ્નાતક (ગ્રેજ્યુએશન) પછી (પોસ્ટ ગ્રેજ્યુએટ – PG)**

a. **Post Graduate (Regular including PG Diploma):** રેગ્યુલર મોડમાં ચાલતા તમામ ૧–વર્ષ કે ૨–વર્ષના માસ્ટર ડિગ્રી અને PG ડિપ્લોમા કોર્સ માટે. B.P.Ed., B.L.I.Sc., Acharya, *etc.* સહિત.

b. **Post Graduate (For BAOU - Distance Learning) (Excluding B.Ed. - ODL):** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા ઓફર થતા ઓનલાઈન અથવા ડિસ્ટન્સ લર્નિંગ માસ્ટર કોર્સ માટે.

**3. શિક્ષણ અને કાયદાના કોર્સ (Education & Law)**

a. **B.Ed.:** રેગ્યુલર B.Ed. અને સ્પેશિયલ B.Ed. માટે. B.Ed. (Basic), અને શિક્ષા શાસ્ત્રી સહિત. (નોંધ: જો તમે ધોરણ ૧૨ પછી ૫–વર્ષીય ઇન્ટિગ્રેટેડ B.Ed. માટે અરજી કરી રહ્યા છો, તો આના બદલે 'Under Graduate (Regular)' પસંદ કરો). પ્રવેશ માટેની લાયકાત સંબંધિત સ્નાતક (Undergraduate) ડિગ્રી છે.

b. **M.Ed.:** રેગ્યુલર M.Ed. કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત B.Ed. છે.

c. **LL.B. (UG Program after Graduation):** ગ્રેજ્યુએશન પછીના રેગ્યુલર ૩–વર્ષીય LL.B. કોર્સ માટે. (નોંધ: ધોરણ ૧૨ પછીના ૫–વર્ષીય ઇન્ટિગ્રેટેડ LL.B. માટે 'Under Graduate (Regular)' પસંદ કરો). પ્રવેશ માટેની લાયકાત સ્નાતક (Undergraduate) ડિગ્રી છે.

d. **LL.M.:** રેગ્યુલર LL.M. કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત LL.B. છે.

**4. અન્ય કોર્સ**

a. **PG (PGDClinical):** રેગ્યુલર PGDClinical કોર્સ માટે.

b. **M.Sc. (Applied Geology):** રેગ્યુલર M.Sc. (Applied Geology) કોર્સ માટે.

**************

**Gujarat Common Admission Services (GCAS)**
**Education Department, Government of Gujarat**

# UG and PG Admission Schedule 2026-27

## Vacant Seats Based Counselling (VSBC) Final Round

(A special round announced in the interest of students, considering the supplementary exam results of the CBSE Board and the supplementary exam results of undergraduate level programs across various universities)

Steps to be followed by students for admission into Undergraduate programs, as well as M.A., M.Com., M.Sc., M.Ed., M.P.Ed., LL.M., M.L.I.Sc., etc., and other post-graduation programs like B.Ed., B.P.Ed., LL.B., PG Diploma, PGD (Clinical), *etc.*

For affiliated and constituent colleges / Department of all Universities associated with GCAS

| Sr. No. | Admission Phase | Date | Total Days | Process to be followed by the student |
|---|---|---|---|---|
| 1 | **Registration** | **From 11:00 AM on 17.08.2026 to 11:59 PM on 23.08.2026** | **07** | 1. Do Quick Registration.<br>2. Pay the registration fee, fill profile and educational information and select preferences (priority order) of University-College-Program-Major Subject, upload documents.<br>3. Check the online application and submit it on the GCAS portal. |
| 2 | **Application Edit and Preference Change** | **From 11:00 AM on 17.08.2026 to 11:59 PM on 23.08.2026** | **07** | Students who have submitted their application in earlier registration rounds but wish to edit the application or change the preferences they have given must follow the procedure below.<br>(A) If admission has been confirmed in any university-college in earlier admission rounds, the admission must be cancelled first and only then can the application be edited or preferences changed.<br>(B) If admission has not been confirmed in any university-college in earlier admission rounds, the student can log in to the portal and edit the application or change the preferences.<br>**Note:** After unlocking the form, it is mandatory to submit the form every time after making any edit / preference change; otherwise the form will not be considered for admission. |
| 3 | **Admission Offer & Confirmation** | **From 12:00 PM on 17.08.2026 to 25.08.2026** (during the working hours of the university-college) | **08*** | *The university-colleges will continuously prepare and verify the merit of all students who have not confirmed admission anywhere and who have either submitted a new application or edited their application after cancelling their admission, and will offer admission to those students as per their preferences and admission rules (eligibility, merit, tie-breaker, etc.) of the respective university-college. The offer will be visible on the student's login dashboard. The student must log* |

| Sr. No. | Admission Phase | Date | Total Days | Process to be followed by the student |
|---|---|---|---|---|
| | | | | *in to the portal every day, check the offer received and, accordingly, contact the college and act as shown below. Otherwise, the student should contact the university-college where they actually wish to take admission and proceed with the admission process as per its guidance.*<br>1. The student should log in to their dashboard on the GCAS portal and check the admission offer given by the respective university-college.<br>2. Out of all the offers received on the student's dashboard, confirm the offer of the preferred University-College-Program-Main Subject on the portal.<br>3. Take a print of the offer letter and report for admission at the respective university-college during their working hours with all original certificates and one set of self-attested certificates.<br>4. Pay the fee at the university-college as per rules and confirm the admission with an OTP. |

* 23.08.2026 – Sunday

Note: Registration and Application Edit run together from **17.08.2026 to 23.08.2026**, while the university-colleges keep posting admission offers to fill vacant seats and admission confirmation continues up to **25.08.2026**. Students must log in to the GCAS portal every day to check the offers they receive.

## Important Guidelines for the Vacant Seats Based Counselling (VSBC) Round

### A. Round-specific guidelines

1. Preparing the merit list and maintaining merit is the sole responsibility of the respective university-college.
2. During this round, no cut-off will be displayed on the GCAS portal. Maintaining the cut-off marks is the responsibility of the respective university-college.
3. In this round, admission offers are posted directly by the respective university-college to fill vacant seats and are shown on the student's login dashboard. Therefore, the student must log in every day; if an offer from the desired university-college is not received, the student should proactively contact that university-college and proceed as per its guidance.
4. Every admission offer carries a “Valid Till” (validity) date set by the university-college. The student must accept and confirm the offer on or before this date (report to the college, get documents verified, pay the fee and confirm via OTP); otherwise the offer will lapse.
5. Admission is confirmed at the university-college: the university-college verifies the original documents, allots the category/intake as per the verified documents, and confirms the admission through an OTP sent to the student's own registered mobile number. The student must be present in person with the original documents and give this OTP to the college.
6. In case of any grievance, the student must lodge the complaint with the affiliating university. Helpline numbers of all universities are available on the GCAS portal.
7. Vacant seats will be displayed on the GCAS portal and will be updated on the portal every 6 hours.

### B. Common guidelines

1. The responsibility for the truthfulness of the information shown on the GCAS portal and the uploaded documents belongs to the student filling in the information. If a student is deprived of admission due to

wrong information or wrong documents, the entire responsibility will lie with that student. Therefore, students should fill in all details carefully on the portal.

2. Once the basic information, educational information and program-college-university details are filled in on the GCAS portal and the form is submitted, any change must be made before the last date of the round, and after every such change resubmitting the form is mandatory; otherwise the form will not be considered for admission.
3. Students whose marksheet shows only grades must scan the certificate showing marks/percentage (Conversion Certificate) together with the marksheet of the affiliated board/university on the “Applicant’s Attachment Details” page and upload it as a single document.
4. If a student finds any difficulty in locating the program-college-university on the “Applicant’s Preference Details” page, they can use the Know Your College (KYC) tab on the homepage of the GCAS portal https://gcas.gujgov.edu.in/ to find their preferred program-college-university.
5. If a student finds any difficulty in filling the online form on the GCAS portal, they can visit the Free Form Filling Centre shown on the portal in person and get help.
6. Through a single application on the GCAS portal a student can select more than one university-college-program, but through one application a student can take admission in any one university-college-program only.
7. Students should choose only those university-programs in which they actually want admission, keeping the percentage obtained in graduation level in mind, and should make the choice only after considering the eligibility rules published by the respective university-colleges on the portal and their websites.
8. For programs whose admission is determined by ACPC, ACPDC, ACMPC or any other council, there is no need to apply through the GCAS portal.
9. To cancel a confirmed admission, the student can cancel it by confirming via OTP on the portal. Such students must follow the fee-refund procedure of the respective university-college as per its rules; the GCAS portal has no role in this.
10. The registration fee paid on the GCAS portal [Rs. 300/- for Unreserved and Rs. 150/- for SC, ST, SEBC, EWS and PwBD (40% or more disability) categories] is non-refundable. Therefore, the category/course/program/form type must be chosen very carefully while registering, and the Program Type (course/program type) selected at registration cannot be changed during the admission process.
11. Students who want to study in regular mode or take admission in UG-PG integrated programs or in regular UG programs should select **“Under Graduate (Regular)”**; students who want the distance-education programs of Dr. Babasaheb Ambedkar Open University should select **“Under Graduate (for BAOU)”**.
12. Students who want to study in regular mode in Postgraduate programs or want to get admission in undergraduate-postgraduate integrated programs should select **Post Graduate (Regular including PG Diploma).** Students who want to study in distance education programs offered by Dr. Babasaheb Ambedkar Open University in postgraduate level programs should select **Post Graduate (For BAOU - Distance Learning) (Excluding B.Ed. - ODL).**
13. Please read the important instructions given below carefully for further details regarding the form/program type.
14. Students should provide their own mobile number and e-mail at the time of registration so that admission-related information reaches them in time; information will be provided via SMS/WhatsApp/e-mail, yet they should keep checking the portal regularly so that no information is missed. Other matters related to the admission process will be announced from time to time, so students must visit the GCAS portal regularly.
15. Students seeking admission into AICTE-affiliated programs across various universities should take special note that admissions to the said programs will be conducted in accordance with AICTE rules. Therefore, before submitting preferences for admission into such programs, students must proceed only after seeking guidance from the respective college or university.

## Frequently Asked Questions (FAQs)

Q1. I received an admission offer but missed reporting to the university-college. What should I do?

Ans: An offer is valid only up to its "Valid Till" date; once that date passes, the offer lapses. The student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q2. I missed the reporting date given in my offer letter. What now?

Ans: If the reporting date on the offer letter has passed, the offer is no longer active. As vacant seats are updated on the portal every 6 hours, the student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q3. I want a lower-preference college that was made inactive by the system. What should I do?

Ans: In the VSBC round, offers and merit are handled directly by the university-colleges. During the VSBC round, preferences that were made inactive in earlier rounds will be re-activated by the system. However, for admission the student wishing to take admission in the concerned university-college should contact that university-college, obtain their guidance, and proceed accordingly.

Q4. I got an offer in one medium but want admission in another medium. What should I do?

Ans: The medium/intake is decided by the university-college as per seat availability. The student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q5. I confirmed the offer online, reported to the college and paid the fee, but forgot to give the OTP. What should I do?

Ans: Admission is finalized only when the OTP (sent to the student's registered mobile) is given to the university-college. The student should contact the concerned university-college with the OTP, obtain their guidance, and complete the admission accordingly.

Q6. I want admission in a seat that fell vacant after a cancellation. What should I do?

Ans: Vacant seats (including those freed by cancellations) are shown on the portal and updated every 6 hours. The student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q7. I want admission in a vacant seat. What should I do?

Ans: Vacant seats are displayed on the portal (updated every 6 hours) and colleges post offers directly to fill them. The student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q8. I forgot to submit my form. What should I do?

Ans: Registration and form submission remain open **up to 23.08.2026**. The student should log in and complete and submit the form before the last date; for any technical difficulty the GCAS technical helpline may be contacted. For admission, the student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q9. I want to change my profile, academic details, category or preferences. What should I do?

Ans: Profile, academic details and preferences can be edited by unlocking and resubmitting the form **up to 23.08.2026**. For admission, the student should contact the concerned university-college, obtain their guidance, and proceed accordingly.

Q10. I have passed the Supplementary / Best-of-Two exam and want to register and take admission. What should I do?

Ans: Such students can register and submit the form during **17.08.2026 to 23.08.2026.** After submitting, they should contact the concerned university-college, obtain their guidance, and proceed with the admission accordingly.

Q11. I want to secure admission under the Management/Sports quota, but the preference for the respective university-college has not been provided. What should I do?

Ans: Such students can register, edit their form, and resubmit it between **17.08.2026 and 23.08.2026**. Before submitting/editing the form for admission under the respective quota, they must contact the concerned university-college, seek their guidance, and proceed with the admission process accordingly.

**New 'AI Agent' facility on the GCAS portal:** Students can instantly get information, cut-offs and other details of any university/college associated with GCAS through the chatbot on the portal or by calling +91-7969799680.

## ⚠️ IMPORTANT WARNING:

Please select your Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર very carefully. Choose only the exact program you wish to apply for. **Once a Program Type is selected and saved, it CANNOT be changed at a later stage.** Please also note that, registration fees once paid for respective Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર is not refundable. If you do not see the Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર you want to apply for, kindly call us on +91-7922880080 (GCAS Technical Helpline) on working days during 11.0 AM to 5.00 PM.

1. **After 12th Standard (Undergraduate - UG)**
   a. **Under Graduate (Regular):** Select this for all on-campus 3-year/4-year bachelor's degrees and 5-year Integrated programs. (Note: This includes Integrated B.Ed. and Integrated LL.B. programs).
   b. **Under Graduate (For BAOU - Distance Learning):** Select this for online or distance bachelor's programs offered only by Dr. Babasaheb Ambedkar Open University. (Does not include B.Ed.-ODL).
2. **After Graduation (Postgraduate - PG)**
   a. **Post Graduate (Regular including PG Diploma):** Select this for all on-campus 1-year/2-year master's degrees and PG diploma programs including B.P.Ed., B.L.I.Sc., Acharya, *etc.*
   b. **Post Graduate (For BAOU - Distance Learning) (Excluding B.Ed. - ODL):** Select this for online or distance master's programs offered only by Dr. Babasaheb Ambedkar Open University.
3. **Education & Law Programs**
   a. **B.Ed.:** For regular and Special B.Ed. programs including B.Ed. (Basic), and Shiksha Shastri. (If you are applying right after 12th for a 5-year Integrated B.Ed., select 'Under Graduate (Regular)' instead). Eligibility for admission is a relevant Undergraduate degree.
   b. **M.Ed.:** For regular M.Ed. programs. Eligibility for admission is B.Ed.
   c. **LL.B. (UG Program after Graduation):** For the regular 3-year LL.B. done after graduation. (If you are applying right after 12th for a 5-year Integrated LL.B., select 'Under Graduate (Regular)' instead). Eligibility for admission is a relevant Undergraduate degree.
   d. **LL.M.:** For regular LL.M. programs. Eligibility for admission is LL.B.
4. **Other Programs**
   a. **PG (PGDClinical):** For the regular PGDClinical program.
   b. **M.Sc. (Applied Geology):** For the M.Sc. Applied Geology program.

**********